(Re-Accredited by NAAC with 'A' Grade)

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭.

## સેનેટ ચૂંટણી-૨૦૨૨ નોટિસ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની તા.૨૬-૮-૨૦૨૨ થી પાંચ વર્ષની મુદત માટે પુનઃનિર્મિત (Reconstitute) થનાર સેનેટના વિવિધ મતદાર વિભાગોના મતદારો જેવા કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૧૬ (૧) વર્ગ - ૨ સામાન્ય સભ્યો (Ordinary Members) (A), (i), (ii), (iii) અને (iv) (b) અને (e) તથા કલમ-૧૬ (૧) વર્ગ - ૨ સામાન્ય સભ્યો (C) અન્વયે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ પર અનુક્રમે (૧) યુનિવર્સિટી વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાઓના શિક્ષકો - (૨-બેઠકો) (૨) માધ્યમિક શાળાઓના હેડમાસ્તરો- (૨-બેઠકો) (૩) સંલગ્ન કોલેજોના આચાર્યો, યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના વડાઓ અને માન્ય સંસ્થાઓના વડાઓ સહિતના જુદી જુદી વિદ્યાશાખાઓના શિક્ષકો-(આર્ટસ/સાયન્સ/મેડિસીન ફેકલ્ટી દરેક મતદાર વિભાગની ૨-બેઠકો અન્ય વિદ્યાશાખાઓની પ્રત્યેકની ૧ બેઠક મળી કુલ ૧૪ બેઠકો) તેમજ (૪) નોંધાયેલા સ્નાતકો (Registered Graduaes)ના જુદી જુદી વિદ્યાશાખાઓના મતદારવિભાગ -(પ્રત્યેક વિદ્યાશાખાની ૧ બેઠક કુલ ૧૧ બેઠકો) તથા (૫) યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી નગરપાલિકોઓના પ્રમુખો - (૧ બેઠક) અને (૬) દાતાઓના મતદાર વિભાગની -(૨ બેઠકો) એમ કુલ સેનેટની ૩૨ નિયત જગ્યાઓ માટેની ચૂંટણી રવિવાર, તા.૧૪-૦૮-૨૦૨૨ ના રોજ યુનિવર્સિટી દ્વારા નિયત કરાયેલ મતદાન કેન્દ્રમાં યોજાનાર છે.

(૧) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સેનેટની ચૂંટણી ૨૦૨૨નાં વિવિધ મતદાર વિભાગની મતદાર યાદી યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in ઉપર જોઈ શકાશે તેમજ મતદાર સદર મતદાર યાદીમાં દર્શાવ્યા મુજબનાં મતદાન કેન્દ્ર ઉપર જ મતદાન કરી શકશે.

(૨) સેનેટના વિવિધ મતદાર વિભાગોની ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ નીચે પ્રમાણે છે.

| ઉમેદવારી પત્રકો યુનિવર્સિટી કાર્યાલયમાં સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય (સ્ટેટ્યુટ ૨૫૬) | ઉમેદવારી પત્રકોની ચકાસણીની તારીખ અને સમય (સ્ટેટ્યુટ ૨૫૯) | ઉમેદવારી પત્રકો પાછા ખેંચવાની છેલ્લી તારીખ અને સમય (સ્ટેટ્યુટ ૨૫૮) | ચૂંટણીની તારીખ અને સમય |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| શનિવાર<br>તા. ૦૬-૦૮-૨૦૨૨<br>સાંજે ૪.૦૦ કલાક<br>સુધીમાં | રવિવાર<br>તા. ૦૭-૦૮-૨૦૨૨<br>સાંજે ૪.૩૦ કલાક<br>સુધીમાં | મંગળવાર<br>તા. ૦૯-૦૮-૨૦૨૨<br>સાંજે ૪.૩૦ કલાક<br>સુધીમાં | રવિવાર<br>તા. ૧૪-૦૮-૨૦૨૨<br>સવારે ૯.૦૦ થી<br>સાંજે ૫.૦૦ કલાક સુધી |

(૩) સેનેટની વિવિધ મતદાર વિભાગ માટેની ચૂંટણીઓ અંગેના ઉમદવારીપત્રકો તા.૧૨-૦૭-૨૦૨૨ થી યુનિવર્સિટી કાર્યાલયના હિસાબી વિભાગમાંથી કામકાજના સમય દરમિયાન એક ઉમદવારી પત્રકની કિંમત રૂા. ૩૦-૦૦ ભરવાથી વેચાણથી મળી શકશે.

(૪) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સેનેટના વિવિધ મતદાર વિભાગ માટે રવિવાર, તા.૧૪-૦૮-૨૦૨૨ નાં રોજ થયેલ મતદાનની મતગણતરી મંગળવાર, તા.૧૬-૦૮-૨૦૨૨ ના રોજ સવારે ૯:૦૦ કલાકે યુનિવર્સિટી કેમ્પસ ખાતે કરવામાં આવશે.

ઉપરોક્ત સેનેટની નિયત ૩૨ જગ્યાઓ માટે જુદા જુદા મતદાર વિભાગોના મતદારો તથા જાહેર જનતાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પ્રર્વતમાન સ્ટેટ્યુટ-૧૩ની જોગવાઈ અન્વયે તા.૧૪-૦૮-૨૦૨૨ ના રોજ યોજાનાર સેનેટ ચૂંટણીના વિગતવાર કાર્યક્રમની જાણ કરવામાં આવે છે.

**ક્રમાંક : એસ/સેનેટ ચૂંટણી/૧૩૮૯૨/૨૦૨૨**
**તા. ૦૬/૦૭/૨૦૨૨**

**ઈ.ચા. કુલસચિવ**